## નિરાકારમાં વિગલન પામતો કલા-આકાર... | રાધેશ્યામ શર્મા

[**'સોનેરી ચુંબન'** : લેખક : લાભશંકર ઠાકર, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, ૨૦૦૮, પૃ. ૨૨૪, કિંમત : રૂ. ૧૪૫/-]

કવિશ્રી લાભશંકર ઠાકરની નિબંધલેખનયાત્રા ૧૯૮૬માં 'એક મિનિટ'થી શરૂ થઈને ૨૦૦૮માં 'સોનેરી ચુંબન' સુધી પહોંચી. ત્રેવીસ વરસમાં પંદર જેટલા સંગ્રહો પ્રસિદ્ધ થયા. 'એક મિનિટ'ની ૧૯૯૯માં બીજી આવૃત્તિ પણ થઈ.

'સોનેરી ચુંબન' અભિધાન લેખસંચય કરતાં વિશેષ તો વાર્તા કે નવલકથાનું લાગશે. જેમને પુસ્તક સસ્નેહ અર્પણ કર્યું છે તે 'સર્જક અશ્વિન મહેતાને' લા. ઠાકરે દસ પત્રો લખેલા. પુસ્તકના શીર્ષક વિશે પ્રકરણ ૬માં એક પત્ર છે જેમાં શ્રી અશ્વિનભાઈના એક ફોટોગ્રાફનો સંદર્ભ આમ છે :

'અને હમણાં જ પાનખરે વૃક્ષોને સોનેરી ચુંબન કર્યું હતું. આ ક્ષણમાં સ્વ (આઈ)નું ભાન પણ નથી. ચેતના મુક્ત છે આ ક્ષણે, સર્વ સંચિતિથી. આ નરી, કેવલ સુંદરતાના અનુભવની ક્ષણ છે. એમાં વસંતથી વિરોધી શિશિરનો કોઈ પ્રતીકાત્મક અર્થબોધ નથી. અદ્‌ભુત સુંદર આ પંક્તિ છે :

**'and the fall had Just kissed the tress yellow.'**

'ઋતુચક્ર છે. 'છે' તે 'છે.' એને માત્ર જોવું તે સત્ય છે, તેથી સુંદર અને તેથી શિવ છે. જ્યાં એક છે ત્યાં ત્રણે છે.'

અશ્વિન મહેતા છબીસર્જક સાથે નોંધનીય ગદ્યસર્જક છે. કૅમેરાના લેન્સમાં વિવિધ ઍંગલથી પદાર્થને, પ્રકૃતિને અને વ્યક્તિને ફ્રેમ કરી તે નિજી કલાદૃષ્ટિથી વાસ્તવને ઝીલી ઝડપે છે. એમના 'હેપનિંગ્ઝ' નામક ફોટોગ્રાફ્સ પ્રદર્શનના અનુષંગે અંગ્રેજીમાં 'ફોટોગ્રાફર્સ ડાયરી' મિત્રભાવે લા. ઠા.ને વાંચવા મોકલી એના પ્રતિસાદમાં આ પુસ્તકમાં ૧૦ પત્રો ઉપલબ્ધ છે.

છબી-ડાયરી જોઈ-વાંચી પત્રો પાઠવનાર પોતે સર્જક કવિ છે, એટલું જ નહિં, 'બિઈંગ' વિશે અત્રતત્ર ચિંતનચંક્રમણમાં લક્ષ્યાર્હ રુચિ ધરાવે છે માટે તો છબીકારને લખે છે : 'આ તમારા beingના પર્યાય સમો ઊંડો, શાંત ચેતોવિસ્તાર છે. કલાનું રૂપ, કલાનો આકાર પણ એના personal સ્વરૂપને ત્યજી દઈને impersonal નિરાકારમાં વિગલિત થતો અનુભવાય છે, ભાવક ચેતનામાં' (પૃ. ૨૪)

સાર્ત્ર સાહેબ 'બિઇંગ ઍણ્ડ નથિંગનેસ'નો ગ્રંથ આલેખે, વિવેચક ઑલિયટ 'ઑબ્જેક્ટિવ કોરિલેટિવ'નો મુદ્દો ઉપસાવે, ગીતાકાર 'અનાસક્તિ'નો મહિમા કરે – આવાં તત્ત્વદર્શનોમાં આખરે 'બિન-અંગતતા'ની કલાસ્થિત ભાવમુદ્રાઓય વિલસતી આવી છે. લાભશંકર, કલાનો આકાર નિરાકારમાં વિગલિત થતો ભાવકમાં નીરખે છે ત્યાં કૃષ્ણમૂર્તિ જેને 'ચોઇસલેસ અવેરનેસ' કહે છે એ અ-દ્વૈત તરફનો ઇશારો છે. સત્ય સુંદર અને શિવ રૂપે ઐક્યમાં ઉપસ્થિત છે, ત્યાં જ રસ વહે છે.

'સોનેરી ચુંબન'ના ૩૯ (ઓગણચાલીસ) લેખોમાં નિબંધકારની નિસબત મુખ્યત્વે 'રસ' અને 'ચેતન' તત્ત્વને પરિલક્ષિત કરે છે. દા.ત. 'શુદ્ધ કળા રહીનેય કળાકૃતિ શોધક અને ચેતોવિસ્તારક બની રહે' (પૃ. ૧૬૨), 'મંથનચેતનાને ઉદ્દીપિત કરતી શ્રી સુમન શાહની વાર્તા' (પૃ. ૧૯૭), 'રસરૂપ ચૈતન્ય સિંચતી ચેખોવની પ્ર-ભાવક વાર્તા ચોર' (પૃ. ૧૨૨), 'શ્રી હરીશ નાગ્રેચાની રસસિદ્ધ ટૂંકી વાર્તા 'ઝોલા ખાતો માણસ' (પૃ. ૧૯૦), 'શ્રી રાધેશ્યામ શર્માની એક અપૂર્વ રસસિદ્ધ વાર્તા (પૃ. ૧૭૬), 'ચેતોવિસ્તારક સર્જક ચેખોવની એક ટૂંકી વાર્તા' (પૃ. ૧૩૦), 'કવિ યોગેશ જોષીની પ્રભાવક લૉંગર પોએમ : 'જેસલમેર', (પૃ. ૯૦).

આવા બધા લેખોની રચના અદ્યતન વિવેચનની પરિભાષા, ક્રિટિકલ જાર્ગનને અંગત રસાનુભૂતિથી અલગ રાખી પોતાની કહેવાય એવી જાગરુક ભાવકચેતનાથી નિબંધકારે કરી છે. હા, સંસ્કૃત કાવ્યમીમાંસામાં પ્રતિષ્ઠા પામેલી પરિભાષાનો પ્રસાર અને ભાર ઘણા બધા લેખોમાં ડોકાય પણ દુર્બોધતા કે અવિશદતા ભાગ્યે જ જોવા મળે.

કવિ ન્હાનાલાલની કૃતિ 'વિહંગરાજ તરસ્યા ઊડે રે'ના ઉડ્ડયનસંગાથમાં 'બ. ક. ઠા.ની કાવ્યરચના શાપું ત્હને : એક નાસ્તિકનો શાપોદ્‌ગાર (પૃ. ૪૨) વાંચીએ ત્યારે લેખકની લેખિની-સંચેતના, માધુરી અને સ્થાણુવત્ નાસ્તિકતાનો પૂરતો પરિચય આપે છે !

બળવંતરાય ઠાકોરે સકળ કલાવ્યાપારને 'સ-ભાન' કહ્યો જ હતો એ સંદર્ભમાં લાભશંકર ઠાકરનું અનુમોદક વિધાન છે :

''કોઈ પણ કળા સ-ભાન છે, કવિતા પણ. આખરે તો તે કળા છે. તે રચના છે. ચેતના ભાનરહિત કદી હોતી નથી. સર્જનની ક્ષણોમાંય ચેતના ભાનસહિત હોય. રચનાકાર સર્જક, પૂર્ણ તન્મયતા સાથે, યુગપદ્, બિનંગત ભાવદૃષ્ટિથી સર્જનમાં સક્રિય હોય, તે રચનાના અંશ રૂપે જ રચનાની બહાર આવે'' (પૃ. ૮૮).

પૂર્વસૂરિ બ. ક. ઠા. હોય, કવિ નિરંજન ભગત હોય કે સર્જક લાભશંકર ઠાકર હોય – આ સૌ કળાતત્ત્વમાં અનસ્યૂત સ-ભાનતાને પેખી-પોંખી શક્યા છે પણ અધુનાતન વિવેચનોમાં ગંભીર પ્રયોગોને પણ સભાનતાના કોઠામાં નાખી અવમૂલ્યાંકન કરવાની યાંત્રિકતા દેખાય ત્યાં વિવેક ચૂકી જવાય. આવાં ઉદાહરણોમાં 'સભાનતા'ની સામે 'સહજતા'ની અતિ પ્રતિષ્ઠા કરવા જતાં સભાનતામાં પણ પરોક્ષ સહજતા હોવાનો મુદ્દો વીસરાઈ જાય છે. વસ્તુતઃ સહજતામાં સભાનતા અને સભાનતામાં સહજતા વિશુદ્ધ કલામાં અ-દ્વૈત સ્વરૂપે ઉપસ્થિત હોય.

શુદ્ધ કળામાં કોઈ પ્રકારની આભડછેટિયા, અસ્પૃશ્યતા નથી. હિન્દીના સુવિખ્યાત કથાસર્જક પ્રેમચંદજીની વાર્તા 'પોષની રાત' વિશે લેખકનું વાર્તિક મનનીય છે :

'શુદ્ધ કળા રહીનેય કળાકૃતિ શોધક અને ચેતોવિસ્તારક બની રહે' (પૃ. ૧૬૨).

લા. ઠાકર, ટાગોરના ઓછા સંભાવક નથી. અહીં રવીન્દ્રનાથની કાવ્યકૃતિ 'હું શું જાણું, શું જાણું'નું રસદર્શન છે, એની સાથે કવિવરની જાણીતી વાર્તા 'પોસ્ટ માસ્તર'નો આસ્વાદ-આલેખ પણ છે. (પૃ. ૫૧, તથા પૃ. ૧૪૭)

કવિશ્રી રમણીક સોમેશ્વરની કાવ્ય-આકૃતિ માટે લેખક આ સમુચિત રીતે 'સાશ્ચર્ય આનંદ' વ્યક્ત કરે છે તો કવિશ્રી યોગેશ જોષીની લૉંગર પોએમ 'જેસલમેર'ની પ્રભાવકતા આ કથનમાં વ્યક્ત કરે છે : 'કાવ્યમાં ક્યાંય અન્ય સાથેનો સંઘર્ષ નથી. રચનામાં સાદ્યંત લયાત્મક પ્રોઝના પ્ર-ભાવક ઝંકારો છે... લૉંગર પોએમ છે, પણ ઘનગાત્ર લાઘવ છે... કવિની – અનન્ય કાવ્યરચના છે. (પૃ. ૯૮).

સુંદરમ્‌નું સંસ્મરણ (પૃ. ૭૦), રમણલાલ જોશી પાસે સર્જકો-પંડિતોની પત્રસંપદા અને ડાયરી માટેની માંગ (પૃ. ૧૧૫), ઘનશ્યામ દેસાઈની પ્રખ્યાત વાર્તા 'ગોકળજીનો વેલો'ના આસ્વાદ

સાથે 'પ્રતિનિધિ વાર્તાઓ'ના સંચય વિશે રાધેશ્યામ શર્માને ૧૬ (સોળ) રસદર્શક પત્રો, સુમન શાહની 'લેટ્સ મિક્સ અપ'માં પ્રકટેલ મંથનચેતના (પૃ. ૧૯૮) જેવા નિબંધો સાથે 'ખેવના'ના તંત્રીને 'કેફિયત' રૂપે મોકલેલું અ-છાંદસ રચનાઓ વિશેનું ધ્યાનપાત્ર વાર્તિક :

'હા, રચનાએ રચનાએ અછાંદસ કાવ્યના લયમાં અનન્યતા હોય. લાઁગર પ્રોઝ પોએમમાં તો ભાવાન્તરોના વળાંકો સાથે લયાન્તરનો શ્રવણીય સાક્ષાત્કાર થાય' (પૃ. ૧૦૦).

સુજ્ઞો પામી જાય કે અછાંદસ કાવ્યના લયમાં અનન્યતા હોય, એની ભેળા 'શ્રવણીય' સાક્ષાત્કાર કેવળ લાઁગર પ્રોઝ પોએમમાં જ હોય એવું નથી. પ્રલંબ છંદોબદ્ધ રચનામાં ભાવાન્તરોના વળાંક સાથે લયાન્તર આવે એ સ્વાભાવિક છે – એ જ રીતે લાંબી અછાંદસ રચનામાં પણ ભાવાન્તરો સાથે શ્રવણીય લયાન્તર ગૂંથાઈ આવે ખરું.

'સોનેરી ચુંબન'ના રસનિર્દેશક પ્ર-વાસમાં એક સામાન્ય લાગતી વિગત નોંધપાત્ર તથ્ય રૂપે ઊભરી આવી. કવિની સંસિદ્ધ રૂપ-છાયાની પાછળ દશથી વધુ નવલ-કથાઓના આલેખકની ભાવમુદ્રા કેમ ઢંકાઈ જતી હશે ?! સિલાસ પટેલિયા યા રઘુવીર ચૌધરી જેવા (ક્યારેક) આસ્વાદ કરાવે, અથવા નાનુભાઈ નાયક નવલકથાકાર ઠાકર પાસે 'કેફિયત' લખાવે; ત્યારે એમનાં ચરિત્રો વિશે લાભશંકર કથાસર્જનપરક અભિગમ આમ પ્રસ્તુત કરે :

'રીજનરેશન ઝંખતાં ચરિત્રોમાં માનવીય નવજીવનના અવતરણમાં મારો આનંદ છે. To see is to act. દર્શન વચનમાં અને ધબકતાં ચરિત્રોનાં કર્મ રૂપે જીવન રૂપે સાક્ષાત્ જોવું તે સર્જકની માનવીય આશા અને આનંદ છે.' (પૃ. ૧૨૧)

સર્જક અશ્વિન મહેતા 'કૅમેરામાંથી 'સોનેરી ચુંબન' જુએ છે, નવલકથાકાર-કવિ લાભશંકર રમ્ય કાવ્ય-નાટ્ય-નિબંધમાં સાક્ષાત્ જીવન આલેખે છે...